પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઈ, ૨૦૧૯, શુક્રવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અયોધ્યા મામલે રિપોર્ટ સોંપવા મધ્યસ્થતા પેનલને આદેશ

**સુપ્રીમ કોર્ટે મધ્યસ્થતા પેનલને વિસ્તૃત રિપોર્ટ સોંપવા આદેશ કર્યો : અયોધ્યા વિવાદને ઉકેલવા મધ્યસ્થતાની પ્રક્રિયાને ખતમ કરવાની માંગ કરતી અરજી સુપ્રીમે ફગાવી : ૧૮મીના આદેશ બાદ રોજની સુનાવણી અંગે નિર્ણય**

નવી દિલ્હી,તા. ૧૧

સુપ્રીમ કોર્ટે અયોધ્યા મામલામાં મધ્યસ્થતાની પ્રક્રિયાને ખતમ કરવાની માંગ કરતી અરજીને આજે ફગાવી દીધી હતી. અયોધ્યા મામલામાં હિન્દુ પક્ષકાર ગોપાલ સિંહ વિશારદે અરજી દાખલ કરીને દલીલ કરી હતી કે મધ્યસ્થતાને લઈને કરવામાં આવેલા પ્રયાસોથી કોઈ ખાસ પ્રગતિ થઈ નથી. જેથી આ પ્રક્રિયાને રોકીને કોર્ટ મામલાની વહેલી તકે સુનાવણી કરે તે જરૂરી છે. સીજેઆઈ રંજન ગોગાના નેતૃત્વમાં બંધારણીય બેંચે મધ્યસ્થતા પેનલને વચગાળાનો રિપોર્ટ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે મધ્યસ્થતાની પ્રક્રિયાને ખતમ કરવામાં આવશે નહીં. પેનલ વચગાળાના હેવાલને રજૂ કરે તેની રાહ જોવામાં આવનાર છે. પેનલને ૧૮મી જુલાઈના દિવસે પોતાનો સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે જરૂરી રહેશે તો ૨૫મી જુલાઈના દિવસથી અયોધ્યા મામલામાં દરરોજના આધાર પર સુનાવણી હાથ ધરવામાં આવશે. કોર્ટે મધ્યસ્થતા પેનલને ૨૫મી જુલાઈ સુધી વિસ્તૃત રિપોર્ટ રજૂ કરવા માટે આદેશ કર્યો છે. મધ્યસ્થતા પેનલને ભંગ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે અમે મધ્યસ્થતા પેનલની રચના કરી ચુક્યા છીએ. અમને રિપોર્ટનો ઈન્તજાર રહેશે. મધ્યસ્થતા પેનલ પહેલા રિપોર્ટ રજૂ કરે તે જરૂરી છે. સુનાવણી દરમિયાન અરજી કરનારના વકીલ કે. પરાસરને કહ્યુ હતુ કે મધ્યસ્થતાના કોઈ સારા પરિણામ હાંસલ થશે નહીં. જેથી કોર્ટને સુનાવણી માટે તારીખ નક્કી કરવી જોઈએ. બીજી બાજુ મુસ્લિમ પક્ષ તરફથી ઉપસ્થિત થયેલા વકીલ રાજીવ ધવને કહ્યુ હતુ કે આ સમય મધ્યસ્થતા પેનલની ટિકા કરવાનો નથી. ધવને આક્ષેપ કર્યો હતો કે આ અરજી અમને ડરાવવા માટે કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે મામલાની દરરોજની સુનાવણી કરવા સાથે સંબંધિત સત્તાવાર આદેશ ૧૮મી જુલાઈના દિવસો જસ્ટીસ કલીફુલ્લાની પેનલના વચગાળાના રિપોર્ટને નિહાળ્યા બાદ આપવામાં આવશે. આનો અર્થ એ થયો છે કે જો કોર્ટને એવુ લાગશે કે મધ્યસ્થતાની પ્રક્રિયામાં કોઈ નક્કર પ્રગતિ થઈ નથી તો જ દરરોજની સુનાવણીના આધાર પર નિર્ણય કરવામાં આવશે. આ પહેલા સુપ્રીમ કોર્ટે ૮મી માર્ચના દિવસે પૂર્વ ન્યાયાધીશ કલીફુલ્લાના નેતૃત્વમાં ત્રણ સભ્યોની સમિતીની રચના કરી હતી. જેને મામલાનો સર્વમાન્ય સમાધાન કાઢવા માટે કહેવામાં આવ્યુ હતુ. હવે સમિતીને ૧૫મી ઓગષ્ટ સુધી સમય

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂતો સાથે સરકાર ભેદભાવ કરી રહી છે : રાહુલ ગાંધી

**રાહુલના આક્ષેપોનો રાજનાથે જવાબ આપ્યો : લોકસભામાં શૂન્યકલાક વેળા રાહુલે ખેડૂતોની સમસ્યાઓ સંબંધિત મુદ્દાઓ ઉઠાવ્યા : કોંગ્રેસી સભ્યો દ્વારા સુત્રોચ્ચાર**



નવી દિલ્હી, તા. ૧૧

સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની કારમી હાર થયા બાદ પાર્ટી પ્રમુખ તરીકે રાજીનામુ આપી ચુકેલા રાહુલ ગાંધીએ આજે લોકસભામાં શૂન્ય કલાક દરમિયાન ખેડૂતોની સમસ્યાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, મોદી સરકાર ખેડૂતો સાથે ભેદભાવ કરી રહી છે. રાહુલે કહ્યું હતું કે, અમીરોના લાખો કરોડોનું દેવું માફ કરવામાં આવી રહ્યું છે પરંતુ ખેડૂતો માટે કોઈ નિર્ણય કરવામાં આવી રહ્યા નથી. આના જવાબમાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, ખેડૂતોની દયનીય સ્થિતિ માટે કોંગ્રેસની અગાઉની સરકારો પણ

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટક કટોકટી વચ્ચે રાજ્ય કેબિનેટની મહત્વની મિટિંગ

**તમામ પાસાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરાઈ : ૧૬ ધારાસભ્યોના રાજીનામા બાદથી ઉભી થયેલી સ્થિતિ પર ચર્ચા : અવિશ્વાસ દરખાસ્તનો સામનો કરવાની તૈયારી**

બેંગ્લોર, તા. ૧૧

કર્ણાટકમાં મુખ્યમંત્રી કુમારસ્વામીના નેતૃત્વમાં જેડીએસ-કોંગ્રેસ સામે કટોકટી પ્રવર્તી રહી છે ત્યારે આ કટોકટી વચ્ચે આજે રાજ્ય કેબિનેટની બેઠક મળી હતી જેમાં પરિસ્થિતિનો સાહસથી સામનો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સંયુક્તરીતે સાથે રહેવાનો નિર્ણય પણ આમા કરવામાં આવ્યો હતો. શાસક ગઠબંધનના ૧૬ ધારાસભ્યોના રાજીનામા બાદ કુમારસ્વામી સરકાર હાલમાં મુશ્કેલીમાં આવી ગઈ છે. મુખ્યમંત્રી કુમારસ્વામીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક મળી હતી જેમાં એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, અવિશ્વાસની દરખાસ્તનો સામનો



કરવા માટે સરકાર તૈયાર છે. જો વિપક્ષી ભાજપ દ્વારા દરખાસ્ત રજૂ કરવામાં આવશે તો સરકાર આનો સામનો કરશે. રાજકીય ઘટનાક્રમનો દોર કર્ણાટકમાં જોરદારરીતે જારી રહ્યો છે. આ તમામ પાસાઓ ઉપર આજની કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સરકાર કટોકટીની સ્થિતિમાં છે તેમાં કોઈ બેમત નથી પરંતુ જુદા જુદા કારણોસર વિવાદને ઉકેલવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગ્રામિણ વિકાસમંત્રી કૃષ્ણ ગૌડાએ કહ્યું હતું કે, તમામ પાસાઓ ઉપર આજની કેબિનેટ બેઠકમાં ચર્ચા થઈ છે. કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગૌડાએ કહ્યું હતું કે, સરકારને અસ્થિર કરવાના છથી સાત પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. વારંવાર સરકાર ટકી જાય છે. આ વખતે પણ સરકાર વિશ્વાસમત જીતી જશે. ભાજપ દ્વારા સરકારને ગબડાવી દેવાના પ્રયાસ અવિરત કરવામાં આવી રહ્યા છે.

## હવે ભારત ત્રીજી સૌથી મોટી ટુરિઝમ ઈકોનોમી બની શકે

**એક કરોડથી પણ વધુને રોજગારીની તક ઉપલબ્ધ : આવનાર ૧૦ વર્ષમાં ભારત પ્રવાસ ક્ષેત્રે સૌથી આગળ નિકળવાની તરફ : જંગી આવક ટુરિઝમ ક્ષેત્ર દ્વારા રહેશે**



નવી દિલ્હી,તા. ૧૧

ભારત વર્ષ ૨૦૨૮માં દુનિયાભરમાં ત્રીજી સૌથી મોટી ઈકોનોમી ટુરિઝમ ક્ષેત્રમાં બની જશે. દેશના કુલ જીડીપી અને ટુરિઝમથી થનાર આવકના આંકડામાં અભ્યાસ કર્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. વર્લ્ડ ટ્રેડ એન્ડ ટ્યુરિઝમ કાઉન્સિલે પોતાના હેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. ગુરૂવારના દિવસે વૈશ્વિક સ્તર પર જારી કરવામાં આવી હતી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આવનાર ૧૦ વર્ષમાં ભારતમાં આ સેક્ટરમાં જોરદાર તેજી આવશે. ભારત ટુરિઝમ ક્ષેત્રમાં ત્રીજુ સૌથી મોટુ અર્થતંત્ર બની જશે. આ સેક્ટર મારફતે રોજગારીની એક કરોડ તક સર્જાઈ શકે છે. વર્ષ ૨૦૧૮માં ટુરિઝમમાં રોજગારની તકનો આંકડો ૪.૨ કરોડ હતો. જે વર્ષ ૨૦૨૮માં વધીને ૫.૨ કરોડ સુધી પહોંચી જશે.

## ન્યુઝ ટ્રેક

### વિજય માલ્યાની સંપતિ જપ્ત થઈ શકશે

બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ ભારતીય ઉદ્યોગપતિ વિજય માલ્યાને તગડો ઝાટકો આપ્યો છે. કોર્ટે માલ્યાની અરજી ફગાવી દીધી છે. જેમાં તેઓએ પોતાની સંપતિને સરકારી એજન્સીઓ દ્વારા જપ્ત કરવાની પ્રક્રિયા પર રોકની માંગ કરી હતી. આ અગાઉ લંડન હાઈકોર્ટે માલ્યાને પ્રત્યાર્પણ વિરૂદ્ધ અરજી કરવાની અનુમતિ આપી છે.

### મમતા બેનર્જીના ભત્રીજાને સમન્સ

દિલ્હી સ્થિત એક ખાસ કોર્ટે ખોટી ડિગ્રી મામલે તૃણમુલ કોંગ્રેસ પાર્ટીના સાંસદ અને મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીને સમન્સ મોકલ્યું છે. ૨૫ જુલાઈએ હાજર થવા કહેવાયું છે.

### ટોળા દ્વારા હિંસા સામે ઉત્તરપ્રદેશમાં કાયદો

ઉત્તરપ્રદેશ રાજ્ય વિધિ આયોગે ટોળા દ્વારા થતી હિંસા પર અંકુશ લગાવવા કાયદો ઘડવાની સિફારીશ કરી છે. આયોગના અધ્યક્ષ ન્યાયમૂર્તિ એ.એન. મિત્તલે આ અંગેનો મુસદ્દો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સોંપ્યો છે. આ કાયદો જો બની ગયો તો તે આવું કાયદો ઘડનાર મણીપુર બાદ બીજુ રાજ્ય હશે.

### અક્ષયકુમાર ફોર્બ્સના લીસ્ટમાં સામેલ

અક્ષયકુમાર એક માત્ર ભારતીય સેલિબ્રીટી બન્યા છે. જેનુ નામ અમેરિકાના વિખ્યાત આર્થિક મેગેઝીન 'ફોર્બ્સ'ના વાર્ષિક હાઈએસ્ટ પેઈટ સેલિબ્રિટીમાં સામેલ થયું છે. દુનિયાના સૌથી વધુ કમાણી કરનારા સેલીબ્રીટીઓમાં અક્ષયકુમાર ૩૩મા સ્થાને આવ્યો છે.

### અશોક ગેહલોત-સચિન પાયલોટ સામ સામે

રાજસ્થાનમાં કોંગ્રેસે સત્તા ગ્રહણ કરી પછી સતત ખેંચતાણ ચાલી રહી છે. મુખ્યમંત્રી પદ માટે અશોક ગેહલોત અને સચિન પાયલોટનો વિવાદ હવે વધુ જોર પકડી રહ્યો છે.

# જેઠવા હત્યા કેસમાં દિનુ બોઘા સહિત ૭ને જન્મટીપ

**સીબીઆઇ સ્પેશ્યલ કોર્ટનો બહુ મહત્વનો ચુકાદો - તમામને ૨૫ હજારથી લઇ ૧૫ લાખ સુધીનો ૬૦ લાખનો દંડ પણ ફટકારાયો ચુકાદાને પગલે ચકચાર : દંડમાંથી ૧૧ લાખ પરિવારને વળતર અપાશે જેમાં બંન્ને બાળકોના નામે ૩-૩ લાખ અને ૫ લાખ જેઠવાના પત્નીને ચૂકવાશે : વિનુ બોઘાને સીધા જેલમાં લઇ જવા માટે આદેશ**

અમદાવાદ, તા.૧૧

જૂનાગઢના આરટીઆઈ એકટીવીસ્ટ ૩૫ વર્ષીય અમિત



જેઠવાની જૂલાઈ-૨૦૧૦માં ગુજરાત હાઈકોર્ટની સામે જ પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી સનસનાટીભરી હત્યાના ચકચારભર્યા કેસમાં આજે સીબીઆઈ સ્પેશ્યલ જજ એમ.કે.દવેએ ભાજપના ભૂતપૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી સહિત સાત આરોપીને સીબીઆઈ જજ કે. એમ. દવેએ હત્યા અને ગુનાઈત કાવતરા હેઠળ દોષિત ઠરાવ્યા હતા અને આજે આ તમામ સાતેય દોષિતોને આજીવન કેદની આકરી સજા ફટકારી હતી. સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે તમામ સાત આરોપીઓની જન્મટીપની આકરી સજાની સાથે સાથે રૂ.૨૫ હજારથી લઈને ૧૫ લાખ રૂપિયા સુધીનો દંડ પણ ફટકાર્યો હતો. સીબીઆઇ કોર્ટના આ ચુકાદાને પગલે ગુજરાતના રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી કોર્ટમાં હસતા મોઢે આવ્યા હતા પરંતુ ચુકાદા બાદ સીધા જેલમાં જવાનો વારો આવ્યો હતો. અમિત જેઠવા હત્યા કેસમાં સીબીઆઈના વકીલ તરફથી આ કેસમાં દોષિત ઠરેલા તમામ આરોપીઓને આજીવન કેદ અને સખતમાં સખત સજા કરવા રજૂઆત કરવામાં આવી હતી તો બીજીબાજુ, બચાવ પક્ષના વકીલે પૂર્વ સાંસદ દીનુ બોઘાની વધુ ઉંમર થઈ ગઈ હોવાથી ઓછી સજા કરવાની માંગ કરી હતી. જો કે, સીબીઆઇ કોર્ટે આરોપીપક્ષની તમામ દલીલો અને રજૂઆત ફગાવી દીધી હતી અને સીબીઆઈની દલીલો ગ્રાહ્ય રાખી કેસના પુરાવાઓ, સંબંધિત દસ્તાવેજો અને અન્ય રેકર્ડ ધ્યાનમાં લીધા બાદ દિનુ બોઘા સોલંકી સહિતના તમામ સાત આરોપીઓને જન્મટીપની આકરી સજા ફટકારતો ચુકાદો સંભળાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, તા.૬ઠ્ઠી જૂલાઈએ સીબીઆઈ કોર્ટે આ

● અનુસંધાન પાન-૭ પર

### મારા પરિવારે ૧૦ વર્ષ યાતના ભોગવી, મને ન્યાય મળ્યો: જેઠવાના પિતા

સજાના ચુકાદા બાદ અમિત જેઠવાના પિતા ભીખા જેઠવાએ જણાવ્યું હતું કે મને આ કેસમાં ન્યાય મળ્યો છે. મને ન્યાય તંત્ર પર સંપૂર્ણપણે વિશ્વાસ છે. આ કેસમાં ન્યાય થયો છે. ૧૦ વર્ષ સુધી મેં યાતના ભોગવી છે હવે ૨૦ વર્ષ તેમનો પરિવાર યાતના ભોગવે.

ભીખા જેઠવાએ જણાવ્યું, "હું છેલ્લા ૧૦ વર્ષથી ન્યાય મેળવવા માટે તડપતો રહ્યો હતો, મારો પરિવાર ન્યયા મેળવવા માટે તડપતો હતો. પ્રકૃતિના સંવર્ધન માટે મારો પુત્ર લડતો હોય અને તેની જાહેરમાં હત્યા થઈ જાય પરંતુ આજે આ કેસમાં ન્યાય થયો છે. મારા પુત્રને ન્યાય મળ્યો છે.

## ભારતીય લશ્કર ઈઝરાયેલી એન્ટી ટેન્ક મિસાઈલ ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતીય લશ્કર હવે ઈઝરાયેલી એન્ટીટેક્ મિસાઈલ ખરીદશે. આ મિસાઈલ ચાર કિલોમીટર દૂર રહેલા લક્ષ્યને સહેલાઈથી વીંધી શકે છે એટલુંજ નહીં પરંતુ પહાડી વિસ્તારો અને મેદાની વિસ્તારો બંને માટે આ મિસાઈલ ફિટ છે.

જાણકાર સૂત્રોએ આપેલી માહિતી મુજબ બાલાકોટ હવાઈ હુમલા પછી આ મિસાઈલ ખરીદવાનો નિર્ણય લેવાઈ ગયો હતો અને આ વર્ષના એપ્રિલમાં ભારતીય લશ્કરે આ મિસાઈલ ખરીદવાના પ્રસ્તાવને મંજૂર રાખ્યો હતો. આ મહિને (જુલાઈમાં) જરૂરી મિસાઈલોનો ઓર્ડર પણ અપાઈ ચૂક્યો છે. એપ્રિલમાં ભારતીય લશ્કરના વરિષ્ઠ અધિકારીઓની મળેલી બેઠકમાં આ મિસાઈલ વિશે વિગતવાર ચર્ચા થઈ હતી.

## સુપ્રીમ કોર્ટના વકીલ ઈન્દિરા જયસિંહ અને આનંદ ગ્રોવરના ઘરે સીબીઆઈના દરોડા

**એનજીઓ લોયર્સ કલેક્ટિવ દ્વારા વિદેશી ભંડોળનો દુરૂપયોગ કર્યો હોવાનો સીબીઆઇનો આરોપ**

ન્યુ દિલ્હી,તા.૧૧

વિદેશી ફંડિંગના નિયમોના કથિત ઉલ્લંઘનના કેસમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહ અને તેના પતિ આનંદ ગ્રોવરના નિવાસસ્થાને સીબીઆઈએ ગુરુવારે સવારે દરોડા પાડ્યા છે. આ બન્ને સામે પોતાની એનજીઓ લોયર્સ કલેક્ટિવ માટે વિદેશી ભંડોળ મેળવવા માટે કાયદાનું ઉલ્લંઘન કર્યું હોવાનો આરોપ છે. ગુરુવારે સવારે દિલ્હી અને મુંબઈમાં જયસિંહ અને ગ્રોવરના નિવાસ સ્થાન તેમજ ઓફિસ પર સીબીઆઈએ દરોડા પાડ્યા છે

લોયર્સ કલેક્ટિવ વિરુદ્ધ વિદેશી ભંડોળ નિયંત્રણ કાયદાના ઉલ્લંઘનનો આરોપ લાગ્યો છે. કેન્દ્રીય તપાસ બ્યૂરોએ આ કેસમાં એનજીઓ વિરુદ્ધ બે એફઆઈઆર પણ દાખલ કરાવી હતી.

સીબીઆઈએ ઈન્દિરા જયસિંહ અને આનંદ ગ્રોવર પર વિદેશી ભંડોળને ભારતથી બહાર મોકલી કાયદાનો દુરૂપયોગ કર્યો હોવાનો આરોપ લગાવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ ઈન્દિરા જયસિંહ ૨૦૦૯થી ૨૦૧૪ વચ્ચે એડિશનલ સોલિસિટર જનરલ હતા અને તે દરમિયાન તેમની એનજીઓ દ્વારા વિદેશી ભંડોળ સંલગ્ન કાયદાનું ઉલ્લંઘન કર્યું હતું. સીબીઆઈના મતે તે સમયે ઈન્દિરા જયસિંહના વિદેશી પ્રવાસનો ખર્ચ એનજીઓના ખર્ચ તરીકે દર્શાવાયો હતો અને તેના માટે ગૃહ મંત્રાલયની મંજૂરી પણ લેવામાં આવી નહતી.

## આધારને લિંક નહીં કરનારનું પાન કાર્ડ રદ થશે

**ટેક્સ રિટર્ન દાખલ કરવા પાનના બદલે આધાર નંબરનો ઉપયોગ કરનાર નાગરિકોને ઇન્કમટેક્સ નવા પાન આપશે**

નવીદિલ્હી, તા. ૧૧

આધાર કાર્ડ સાથે લિંક નહીં કરવામાં આવેલા પેનકાર્ડ સપ્ટેમ્બર મહિનાથી ઈનવેલિડ થઈ જશે. આવકવેરા વિભાગ દ્વારા મહત્વપૂર્ણ માહિતી જારી કરવામાં આવી છે. ટેક્સ રિટર્ન અને અન્ય ચોક્કસ પ્રકારની લેવડદેવડ માટે પાન નંબરને લિંક નહીં ચુકેલા લોકોને પણ વિચારણા કરવાની ફરજ પડશે. સરકાર દ્વારા પહેલી સપ્ટેમ્બર સુધી આધારને લિંક નહીં કરનાર તમામ પેનકાર્ડને ઈનવેલિડ ગણવાનો નિર્ણય કર્યો છે. હજુ સુધી દેશમાં રહેલા ૪૦૦ મિલિયન અથવા તો ૪૦ કરોડ પેનકાર્ડ પૈકી ૧૮૦ આધાર સાથે લિંક કરવામાં આવ્યા નથી. નાગરિકોને આધાર કાર્ડની સાથે પેનકાર્ડને લિંક કરવા માટે કહેવમાં આવ્યું છે. જો આવું કરવામાં નહીં આવે તો કેટલીક તકલીફ પડી શકે છે. આધાર નંબરને ટાંકીને હાલમાં કેટલીક લેવડદેવડ કરવામાં આવી રહી છે. બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે, આધાર નંબરથી પણ ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરી શકાશે. આધાર અને પેનને લિંક કરવાની બાબત

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

વેનકૂવર - કેનેડામાં ભણો
સપ્ટેમ્બર - ઓક્ટોબર ઇન્ટેક
૨૪ કલાકમાં ઓફર લેટર
કોલેજ પ્રતિનિધી દ્વારા સ્પોટ ઇવેલ્યુએશન
૧૬ જુલાઈ ૨૦૧૯, સવારે ૧૦:૩૦-૧૨:૩૦
બાપુ ગુજરાત નોલેજ વિલેજ, ગાંધીનગર-માણસા રોડ, વાસન
Eton College
BAPU GUJARAT KNOWLEDGE VILLAGE
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD. ENRICH ~ ENABLE ~ EVOLVE
IELTS STUDENT VISA
CALL NOW 72 708 72 708